| | |
|---|---|
| **GJSR120042532025** | **Criminal Case no. 2395/2025**<br>**સરકાર**<br>***vs.***<br>**બીપીનભાઈ ઉર્ફે વીકી છોટેલાલ દહાયક** |

*ફોર્મ – A*

| **કઠોર ના મે. જ્યુડીશિયલ મેજી. ફ. ક. સાહેબની કોર્ટમાં, મું. કઠોર** | | |
|---|---|---|
| ચુકાદાની તારીખ: | 25.03.2026 | |
| ક્રિમીનલ કેસ નં. | **2395/2025** | આંક: |
| ગુનાની વિગત | | |
| એફ.આઈ.આર.ની વિગત | કામરેજ પોલીસ સ્ટેશન, એફ. આઈ. આર. નં. 11214020251532/2025, તારીખ:08/05/2025 | |
| ગુનો (કલમ) | બી.એન.એસ.ની કલમ-281, 106(1) તથા એમ.વી. એકટની કલમ-177, 184 મુજબ | |
| ફરિયાદી | શ્રી સરકાર | |
| ફરિયાદ પક્ષે રજૂઆત | વિ.એ.પી.પી.શ્રી. પી.બી. સથવારા | |
| વિરુદ્ધ | | |
| આરોપી | **બીપીનભાઈ ઉર્ફે વીકી છોટેલાલ દહાયક**<br>રહે. અબ્રામા ગામ, બલ્લાવાડ ફળીયું, તા.અબ્રામા, જી.સુરત. | |
| આરોપી પક્ષે રજૂઆત | વિ.વ.શ્રી. વી.સી.બોડાણા | |

*ફોર્મ – B*

| | |
|---|---|
| ગુનો બન્યા તારીખ: | 12/05/2025 |
| એફ.આઈ.આર. તારીખ: | 13/05/2025 |
| ચાર્જશીટ દાખલ તારીખ: | **16/07/2025** |
| પ્લી રેકર્ડ કર્યા તારીખ: | 21/08/2025 |
| પુરાવો ચાલુ થયા તારીખ: | 24/09/2025 |
| જજમેન્ટ માટે રાખ્યા તારીખ: | 09/03/2026 |
| જજમેન્ટની તારીખ: | **25/03/2026** |
| સજા હુકમની તારીખ (જો લાગુ પડે તો): | — |

| સમયગાળો: | વર્ષ | માસ | દિવસ |
|---|---|---|---|
| | 00 | 08 | 09 |

**આરોપીઓની વિગત**

| આરોપી નંબર | આરોપીનું નામ | અટક કર્યા તારીખ | જામીન પર છોડ્યા તારીખ | ગુનો | તકસીરવાન/ નિર્દોષ | કરવામાં આવેલ સજા | સી.આર.પી.સી.ની કલમ 428 મુજબ કસ્ટડીમાં વિતાવેલો સમયગાળો |
|---|---|---|---|---|---|---|---|
| 1 | બીપીનભાઇ ઉર્ફે વીકી છોટેલાલ દહાયક | 15/05/2025 | 15/05/2025 | બી.એન.એસ.ની કલમ-281, 106(1) તથા એમ.વી. એકટની કલમ-177, 184 મુજબ | નિર્દોષ | — | — |

***ફોર્મ – C***

**1. ફરિયાદપક્ષે / બચાવપક્ષે / કોર્ટ તરફે સાહેદ યાદી:**

**a. ફરિયાદ પક્ષે –**

| **અનુ. નં.** | **આંક** | **નામ** | **સાહેદનો પ્રકાર** |
|---|---|---|---|
| PW-1 | 04 | સંજયભાઇ ગીડીયાભાઇ રાઠોડ | ફરિયાદી |
| PW-2 | 06 | સીમાબેન વિનયભાઇ રાઠોડ | સાહેદ |
| PW-3 | 07 | કમુબેન મહેશભાઇ રાઠોડ | સાહેદ |
| PW-4 | 08 | ઉર્મિલાબેન પ્રમોદભાઇ રાઠોડ | સાહેદ |

**2. ફરિયાદપક્ષ / બચાવપક્ષ / કોર્ટના આંકની યાદી:**

**a. ફરિયાદ પક્ષે –**

| **અનુ. નં.** | **આંક** | **દસ્તાવેજનું વર્ણન** |
|---|---|---|
| 1 | 05 | ફરિયાદ |
| 2 | 09 | ગુનાવાળી જગ્યાનું પંચનામું |
| 3 | 10 | ઇન્કવેસ્ટ પંચનામું |
| 4 | 11 | FSL રીપોર્ટ |
| 5 | 12 | MLC રીપોર્ટ |
| 6 | 13 | પી.એમ.નોટ |

**// ચુકાદો //**

1. **ફરિયાદની હકીકતનું ટુંકમાં વર્ણન:**

સદર કેસની ટુંકમાં હકીકત એવી છે કે, આ કામના તોહમતદાર મજકુરે તા.૧૨/૦૫/૨૦૨૫ ના રોજ કલાક ૨૩/૧૫ વાગ્યાના સુમારે મોજે આંબોલીગામની સીમમાં ખોલવડ તાપી બીજ ક્રોસ કરી આંબોબી ગામમા જતા રોડ ઉપર આરોપીએ પોતાના કબ્જાની એક રીક્ષા નંબર GJ-05-CV-7740 ની પુર ઝડપે અને ગફલત ભરી રીતે હંકારી રીક્ષાનો સ્ટેરીંગ ઉપરનો કાબુ ગુમાવી રીક્ષા ને પલ્ટી ખવડાવી રીક્ષામાં બેસેલા બેનોને રોડ ઉપર પાડી જેમાં રીક્ષામાં બેસેલ ચંપાબેન તે ગીડીયાભાઈ ઉર્ફે ગુંણવતભાઇ રાઠોડ નાનીને શરીરે ગંભીર ઈજા કરી તેણીનું સારવાર દરમ્યાન મોત નિપજાવી પાછળથી પકડાઈ જઈ ગુનો કર્યા બાબતની ફરિયાદ ફરિયાદીએ કામરેજ પોલીસ સ્ટેશનમાં આપી છે. ફરિયાદીએ આપેલ ફરિયાદ રજીસ્ટરે નોંધી, આ કામે તપાસ કરનાર અમલદારે સાહેદોના નિવેદનો નોંધી, તપાસના અંતે આરોપીઓ વિરુદ્ધ ફરિયાદવાળા ગુન્હાના કામે પૂરતો પુરાવો મળી આવતા ચાર્જશીટ કોર્ટમાં દાખલ કરેલ.

2. **બી.એન.એસ.એસ.ની કલમ-230 મુજબ નકલ અને આરોપીઓની પ્લી:**

આ કામના આરોપી વિરુદ્ધ ગુનાની ઈન્સાફી કાર્યવાહી માટે સમન્સ કાઢતા, આરોપી તેમના વિ.વ.શ્રી મારફતે ઉપસ્થિત રહેલ. તેને બી.એન.એસ.એસ.ની કલમ-230 અન્વયે પોલીસ તપાસના કાગળોની નકલ વિના મૂલ્યે આપ્યાની ખાતરી કર્યા બાદ મારા પુરોગામી ન્યાયાધીશ દ્વારા તેઓ વિરુદ્ધ આરોપીઓની **આંક−03** થી પ્લી રેકોર્ડ કરતા તેણે પોતાની સામેના ગુનાનો ઈન્કાર કરતા કેસની ન્યાયિક કાર્યવાહી આગળ ચલાવી બી.એન.એસ.એસ.ની કલમ-274 મુજબનો ફરિયાદપક્ષનો પુરાવો લેવામાં આવેલ.

3. **બી.એન.એસ.એસ.ની કલમ-351 મુજબનું આરોપીનું વિશેષ નિવેદન:**

આ કામે ફરીયાદપક્ષ તરફથી મૌખિકમાં પુરાવો પુર્ણ થયાનું જાહેર કરતાં, ફરીયાદપક્ષે અન્ય કોઈ મૌખિક કે દસ્તાવેજી પુરાવો રજુ થયેલ હોય અને આરોપી સામે રેકર્ડ પર આવેલ પુરાવા અંગે આરોપીનું સી.આર.પી.સી. કલમ−૩૧૩ મુજબ આરોપીનું વિશેષ નિવેદન નોંધવા જેટલો પુરાવો ન હોય આરોપીઓનું વિશેષ નિવેદન નોંધવામાં આવેલ નથી.

4. **બી.એન.એસ.એસ.ની કલમ-352 મુજબ પક્ષકારોની દલીલો:**

ત્યારબાદ, ફરિયાદપક્ષ તરફે વિ.એ.પી.પી.શ્રી તથા બચવપક્ષ તરફે વિ.વ.શ્રીની દલીલો સાંભળવામાં આવેલી.

5. **<u>બી.એન.એસ.એસ.ની કલમ-386(1)(b) મુજબ પોઇન્ટસ ફોર ડીટરમીનેશન:</u>**

a. આ કામે ઉભયપક્ષકારો તરફે કરવામાં આવેલી દલીલો, ફરિયાદ તથા રેકોર્ડ ઉપર આવેલ પુરાવાઓ વંચાણે લેતા સદર કેસના નિર્ણય માટે કરી સમક્ષ નીચે મુજબના મુદ્દાઓ ઉપસ્થિત થાય છે:

i. **શું ફરિયાદપક્ષ નિ:શંકપણે પુરવાર કરે છે કે,સદર કેસની ટુંકમાં હકીકત એવી છે કે, આ કામના તોહમતદાર મજકુરે તા.૧૨/૦૫/૨૦૨૫ ના રોજ કલાક ૨૩/૧૫ વાગ્યાના સુમારે મોજે આંબોલીગામની સીમમાં ખોલવડ તાપી બીજ ક્રોસ કરી આંબોબી ગામમા જતા રોડ ઉપર આરોપીએ પોતાના કબ્જાની એક રીક્ષા નંબર GJ-05-CV-7740 ની પુર ઝડપે અને ગફલત ભરી રીતે હંકારી રીક્ષાનો સ્ટેરીંગ ઉપરનો કાબુ ગુમાવી રીક્ષા ને પલ્ટી ખવડાવી રીક્ષામાં બેસેલા બેનોને રોડ ઉપર પાડી જેમાં રીક્ષામાં બેસેલ ચંપાબેન તે ગીડીયાભાઇ ઉર્ફે ગુંણવતભાઇ રાઠોડ નાનીને શરીરે ગંભીર ઇજા કરી તેણીનું સારવાર દરમ્યાન મોત નિપજાવી પાછળથી પકડાઈ જઈ ગુનો કરી બી.એન.એસ.ની કલમ-281, 106(1) તથા એમ.વી. એકટની કલમ-177, 184 મુજબનો ગુનો આચરેલ છે?**

ii. **શું હુકમ?**

b. ઉપરોક્ત મુદ્દાઓ પરત્વે મારા નિર્ણયો નીચે મુજબ છે:

i. મુદ્દા નં.1 – **નકારમાં**

ii. મુદ્દા નં.2 – **આખરી હુકમ મુજબ**

**// કા ર ણો //**

● **<u>મુદ્દા નં.1 અંગે:</u>**

6. ભારતમાં પ્રવર્તમાન ફોજદારી ન્યાયશાસ્ત્રના સિદ્ધાંત પ્રમાણે ફરિયાદપક્ષે પોતાનો કેસ આરોપી વિરૂદ્ધ શંકાથી પર (beyond reasonable doubt) પુરવાર કરવાનું હોય છે. આરોપી દોષિત છે તેવો વિશ્વસનીય પુરાવો રજૂ કરીને ફરિયાદપક્ષે પુરવાર કરવાનું હોય છે. કાયદાના પ્રસ્થાપિત સિદ્ધાંત મુજબ આરોપીને જ્યાં સુધી દોષી ઠરાવવામાં ન આવે ત્યાં સુધી તે નિર્દોષ છે તેવી ધારણા સાથે અદાલતે કાર્યવાહી કરવાની હોય છે. અદાલત દ્વારા કરવામાં આવેલ આવા અનુમાનનું ખંડન ફરિયાદપક્ષે યોગ્ય, વિશ્વસનીય અને પૂરતો પુરાવો આપીને કરવાનું હોય છે. ફરિયાદપક્ષના પુરાવામાં રહી

ગયેલ કોઈપણ ખોટનો લાભ બચાવપક્ષને મળે છે અને તે સંજોગોમાં આરોપી શંકાનો લાભ મેળવવા હકદાર થાય છે.

7. ફરિયાદપક્ષે **આંક–04 થી ફરિયાદી સંજયભાઈ ગીડીયાભાઈ રાઠોડ** ને સોગંદ પર તપાસેલા છે. તેઓએ તેમની જુબાનીમાં જણાવેલ છે કે, બનાવ તા.૧૨/૦૫/૨૦૨૫ ના રોજ રાત્રીના ૧૧:૧૫ વાગ્યે આંબોલીગામમાં જતા રોડ ઉપર બનેલો. બનાવ સમયે તેઓ ઘરે હાજર હતા તે સમયે તેઓના મોબાઈલ ફોન ઉપર મીનાબેન રાવલનો ફોન આવેલ અને તેઓને કહેલ કે, "તમારી માતા ચંપાબેન અમારી સાથે લગ્નમાં પીરસવા માટે અમારી સાથે આવેલા હતા અને કામ પતી જતા રીક્ષામાં બેસી ઘરે પરત આવતા હતા ત્યારે આંબોલી ગામમા જતા રોડ ઉપર આ રીક્ષા પલ્ટી મારી ગયેલ." જે રીક્ષામાં તેઓની માતા ચંપાબેનને વાગેલ અને કોઈએ ૧૦૮ ને ફોન કરતા તેઓની માતાને સારવાર માટે ઉર્મીલાબેન, કમુબેન તથા સીમાબેન સાથે સુરત હોસ્પીટલ લઈ ગયેલા અને તેઓને જણાવેલ કે, "તમે અહીં આવો" તેવી વાત કરતા તેઓ સ્મીમેર હોસ્પીટલ પહોંચેલ અને ત્યાં તેઓની માતા આઈ.સી.યુ માં દાખલ હતા. આ બનાવમાં તેઓની માતાને જમણા હાથે, ખભાના જોઈન્ટમાં ગંભીર ઈજા થયેલ તેમજ શરીરે ઓછી વધતી ઈજાઓ થયેલ હતી. સારવાર દરમ્યાન તેઓની માતા તા.૧૩/૦૫/૨૦૨૫ ના રોજ બપોરના ૦૨:૩૦ વાગ્યે ફરજ પરના ડોકટરે મરણ જાહેર કરેલા. અકસ્માત કરનાર રીક્ષાનો નંબર તેઓને હાલ યાદ નથી અને બનાવ સમયે ગાડીની ગતી કેવી હતી તે તેઓને ખબર નથી. આ બનાવ બાબતે તેઓએ ફરીયાદ આપેલી. તેઓને ફરિયાદ બતાવવામાં આવે છે, તેમાં તેઓની સહી છે જે તેઓ ઓળખી બતાવે છે. જે આંક–૦૫ થી રજુ છે. અકસ્માત કરનાર ડ્રાઈવરને તેઓ ઓળખે છે.

સદર ફરીયાદી ફરીયાદપક્ષના કેસને સમર્થનકારી પુરાવો આપતા ન હોય વિ.એ.પી.પી.શ્રીએ સાહેદોને ફરી ગયેલા જાહેર કરી ઉલટતપાસમાં પુછી શકાય તેવા પ્રશ્નો પુછવાની પરવાનગી માંગી પ્રશ્ન કરતા પણ ફરીયાદપક્ષના કેસને સમર્થનકારી પુરાવો આપેલો નથી.

વધુમાં પોતાની આરોપીના વિ.વ.શ્રી.ની ઉલટ તપાસમાં ફરીયાદી કબૂલ કરે છે કે, એ વાત ખરી છે કે, <u>કહેવાતો બનાવ મે નજરે જોયેલ નથી જેથી બનાવની મને જાત માહીતી નથી.</u> એ વાત ખરી છે કે, આરોપી તથા અમે એક જ ફળિયામાં રહેતા હોવાથી તેમને ઓળખુ છુ. એ વાત ખરી નથી કે, આવો કોઈ બનાવ બનેલ નથી. એ વાત ખરી નથી કે, ખોટી ફરિયાદ આપી સોગંદ પર ખોટી જુબાની આપું છું.

8. ફરિયાદપક્ષે **આંક–06 થી સાહેદ સીમાબેન વિનયભાઈ રાઠોડ તથા આંક–07 થી સાહેદ કમુબેન મહેશભાઈ રાઠોડ તથા આંક-08 થી સાહેદ ઉર્મિલાબેન પ્રમોદભાઈ રાઠોડ** નાઓએ આંક-05 થી રજુ રાખેલ ફરીયાદ મુજબ પોતાની જુબાની આપેલી હોય, જેથી પુનરાવર્તન ટાળવા માટે અત્રે તેનો ઉલ્લેખ કરવામાં આવેલ નથી.

સદર સાહેદો ફરીયાદ પક્ષના કેસને સમર્થનકારી પુરાવો આપતા ન હોય વિ.એ.પી.પી.શ્રીએ સાહેદોને ફરી ગયેલા જાહેર કરી ઉલટતપાસમાં પુછી શકાય તેવા પ્રશ્નો પુછવાની પરવાનગી માંગી પ્રશ્ન કરતા પણ ફરીયાદપક્ષના કેસને સમર્થનકારી પુરાવો આપેલો નથી.

ત્યારબાદ સદરહુ આરોપી તરફે સાહેદોની ઉલટતપાસ કરવામાં આવતા તેઓ કબૂલ કરે છે કે, એ વાત ખરી છે કે, બનાવ સમયે રાત્રીનું અંધારૂ હતુ. એ વાત ખરી છે કે, <u>બનાવ સમયે રીક્ષા કેટલી સ્પીડમાં ચાલતી તેની તેઓને ખબર નથી.</u> એ વાત ખરી છે કે, <u>બનાવવાળા રોડ ઉપર ખાડા હોવાથી રીક્ષાનું ટાયર ફાટી જવાથી રીક્ષા પલ્ટી મારી ગયેલ હતી.</u> એ વાત ખરી છે કે, આરોપી તથા અમે એક જ ફળિયામાં રહેતા હોવાથી તેમને ઓળખે છે. એ વાત ખરી નથી કે, આવો કોઈ બનાવ બનેલ નથી. એ વાત ખરી નથી કે ખોટી ફરિયાદ આપી સોગંદ પર ખોટી જુબાની આપું છું.

- **<u>પૂરાવાનું મૂલ્યાંકન:</u>**

9. આ સિવાય ફરિયાદપક્ષ તરફે અન્ય કોઈ દસ્તાવેજી કે મૌખિક પુરાવો રજૂ કરેલ નથી. આ કામે આરોપી ઉપર બી.એન.એસ.ની કલમ-281, 106(1) તથા એમ.વી. એકટની કલમ-177, 184 મુજબનો ગુનો નોંધાયો છે. હાલના કેસમાં નિષ્કર્ષ પર પહોંચવા માટે ઉપર્યુક્ત કલમો તેમજ તેના તત્વો ધ્યાને લેવા આવશ્યક છે:

10. **<u>કલમ – 281 જાહેર રસ્તા પર બેદરકારી કે જોખમી રીતે વાહન ચલાવવા :</u>**

કોઈ વ્યક્તિ માનવ જીવનને જોખમમાં મૂકે તેવી રીતે વાહન ચલાવે, તો ૬ મહિના સુધીની જેલ, રૂ.૧,૦૦૦/– સુધીનો દંડ અથવા બંનેની સજા થઈ શકે છે. આ એક જામીનપાત્ર ગુનો છે.

11. **<u>કલમ – 106(1) બેદરકારીથી અથવા ઉતાવળથી કરેલા કૃત્યને કારણે કોઈ વ્યક્તિના મૃત્યુ (હત્યા ન હોય ) :</u>**

જે કોઇપણ વ્યકિત કોઇ બેદરકારી અથવા બેદરકારીના કૃત્ય દ્વારા કોઈ વ્યકિતના મૃત્યુનું કારણ બને છે, જે ગુનામાં હત્યાનો ઈરાદો ન હોય પરંતુ બેદરકારી હોય તે

દંડનીય હત્યા તરીકે ગણાતું નથી. તેને પાંચ વર્ષ સુધીની જેલની સજા અથવા દંડની સજા થઈ શકે છે.

12. આમ કાયદાની જોગવાઈ તથા તેમાના આવશ્યક તત્વો ધ્યાને લેતા તે પૈકીના એક મહત્વનું તત્વ તેવુ અવિચારી અથવા બેદરકારી રીતે હાંકતો અથવા સવાર કરતો હતો તે છે અને આ તત્વ પણ આવશ્યક તત્વ છે અને તે પણ પુરવાર થવુ જરૂરી છે.

13. **<u>ફરિયાદપક્ષના ફરીયાદીનો પુરાવો:</u>**

આ કામે ફરીયાદપક્ષ દ્વારા PW-1 નાઓને ફરીયાદી તરીકે તપાસાયેલા છે. તે આ કામે ઈજા પામનારના પુત્ર હોવાનું માલુમ પડે છે. તેઓ બનાવ સમયે બનાવ સ્થળે હાજર ન હતા, પરંતુ તેઓના મીનાબેન રાવલ દ્વારા તેઓને સદર બનાવની ફોન દ્વારા જાણ કરવામાં આવેલ હતી. જેથી તેઓએ સદર બનાવ નજરે જોયેલ નથી. સદર સાહેદ પોતાની જુબાનીમાં જણાવે કે, તેઓના મોબાઈલ ફોન ઉપર મીનાબેન રાવલનો ફોન આવેલ અને તેઓને કહેલ કે, "તમારી માતા ચંપાબેન અમારી સાથે લગ્નમાં પીરસવા માટે અમારી સાથે આવેલા હતા અને કામ પતી જતા રીક્ષામાં બેસી ઘરે પરત આવતા હતા ત્યારે આંબોલી ગામમા જતા રોડ ઉપર આ રીક્ષા પલ્ટી મારી ગયેલ." તેઓ તેમના ઘરેથી હોસ્પિટલ પર ગયા હતા ત્યારે આ બનાવમાં તેઓની માતાને જમણા હાથે, ખભાના જોઈન્ટમાં ગંભીર ઈજા થયેલ તેમજ શરીરે ઓછી વધતી ઈજાઓ થયેલ હતી. સારવાર દરમ્યાન તેઓની માતા તા.૧૩/૦૫/૨૦૨૫ ના રોજ બપોરના ૦૨:૩૦ વાગ્યે ફરજ પરના ડોકટરે મરણ જાહેર કરેલા. અકસ્માત કરનાર રીક્ષાનો નંબર તેઓને હાલ યાદ નથી અને બનાવ સમયે ગાડીની ગતી કેવી હતી તે તેઓને ખબર નથી. આ કામના આરોપી તે તેમના પડોશમાં રહે છે જેથી તેઓ એકબીજાને સારી–રીતે ઓળખે છે. આમ, આ કામના આરોપી દ્વારા જ સદર અકસ્માત સર્જેલ છે અને આરોપીની બેદરકારીના કારણે જ આ કામના ફરિયાદીના માતાનું મૃત્યુ થયેલ હતું, તે અંગેનો લેશમાત્ર પુરાવો રેકર્ડ પર આવેલ નથી. જે સંજોગોમાં આરોપીને તકસીરવાન ઠરાવી શકાય આરોપીને તકસીરવાન ઠેરવી શકાય તેમ નથી.

14. **<u>સાહેદોનો પુરાવો :</u>**

આ કામે PW-2, PW-3 તથા PW-4 થી ગુનાવાળી જગ્યાના સાહેદો તપાસેલા છે. તેઓ તેમની જુબાનીમાં જણાવે છે કે, તેઓ તમામ લગ્નમાં પીરસવા માટે ગયા હતા અને કામ પતી જતા રાત્રીના સમયે રીક્ષામાં બેસી ઘરે પરત આવતા હતા ત્યારે આંબોલી ગામમા જતા રોડ ઉપર આ રીક્ષા પલ્ટી મારી ગયેલ.તેઓએ પોતાની ઉલટતપાસમાં

સ્પષ્ટપણે સ્વીકાર્યું છે કે બનાવ સમયે રાત્રિનું અંધારું હતું અને રીક્ષા કેટલી ઝડપે ચાલતી હતી તેની તેમને જાણ નથી. તેમજ સદર સાહેદ તેમની ઉલટતપાસમાં એ હકિકતનો સ્વિકાર કરે છે કે, બનાવવાળા રોડ ઉપર ખાડા હોવાથી રીક્ષાનું ટાયર ફાટી જવાથી રીક્ષા પલ્ટી મારી ગયેલ હતી. આમ, જ્યારે સદર સાહેદોની જુબાની પરથી રોડ પર ખાડા હોવાના કારણે રિક્ષાનું ટાયર ફાટી ગયુ હતુ. તે સંજોગોમાં સદર બનાવ તે એક અકસ્માત છે. આમ, સદર બનાવ આ તમામ સાહેદો એ બનાવ બનતા નજરે જોનાર સાહેદ છે, તે તમામ ફરિયાદપક્ષના કેસને સમર્થન આપતા ન હોય તેઓને ફરી ગયેલા સાહેદ જાહેર કરવામાં આવેલ છે. આમ, આ કામના આરોપીની બેદરકારી દર્શાવતો પુરાવો સદર સાહેદોએ આ કામે રજુ કરેલ નથી, જે સંજોગોમાં આરોપીને તકસીરવાન ઠરાવી શકાય આરોપીને તકસીરવાન ઠેરવી શકાય તેમ નથી. વધુમાં સદર કામે પંચ સાહેદો, સ્વતંત્ર સાહેદો, તબીબી સાહેદો કે તપાસકરનાર અમલદારને આ કામે તપાસવામાં આવેલ નથી, જે સંજોગોમાં આરોપીને તકસીરવાન ઠરાવી શકાય આરોપીને તકસીરવાન ઠેરવી શકાય તેમ નથી.

15. વધુમાં આરોપીના વાહનની ગતિ બાબતે નામદાર સર્વોચ્ચ અદાલત દ્વારા **સ્ટેટ ઓફ કર્ણાટકા વિરૂધ્ધ સતીષ** [1] ચુકાદામાં પેરા નં. ૪ માં નીચે મુજબનો સિંધ્ધાત પ્રસ્થાપિત કરેલ છે :

> *4. <u>Merely because the truck was being driven at a "high speed" does not bespeak of either "negligence" or "rashness" by itself.</u> None of the witnesses examined by the prosecution could give any indication, even approximately, as to what they meant by "high speed". <u>"High speed" is a relative term. It was for the prosecution to bring on record material to establish as to what it meant by "high speed" in the facts and circumstances of the case.</u> In a criminal trial, the burden of providing everything essential to the establishment of the charge against an accused always rests*

1 1998 (8) SCC 493

*on the prosecution and there is a presumption of innocence in favour of the accused until the contrary is proved. Criminality is not to be presumed, subject of course to some statutory exceptions. There is no such statutory exception pleaded in the present case. In the absence of any material on the record, no presumption of "rashness" or "negligence" could be drawn by invoking the maxim "res ipsa loquitur".*

16. ફરિયાદપક્ષ દ્વારા તપાસવામાં આવેલ સાહેદો તેમજ રેકર્ડ પરનો પુરાવો જોતાં પણ હાલના આરોપીને સદર ગુન્હામાં તકસીરવાન ઠેરવી શકાય તેવો સબળ પુરાવો હાલના કામે રજૂ થયેલ નથી. આમ, બંને પક્ષકારોની દલીલો તથા રેકર્ડ પર રજુ થયેલ સમ્રગ પુરાવો ધ્યાને લેતાં (૧) ફરીયાદપક્ષ તર્ફેના તમામ સાહેદોના પુરાવાથી આરોપી પુરઝડપે તેમજ બેદરકારીથી વાહન હંકારી અકસ્માત કરેલ હોય તે હકીકત પુરવાર થઇ શકેલ નથી તેમજ (૨) આરોપીની નિષ્કાળજી અને બેદરકારી પુરવાર થઇ શકેલ નથી.

17. આમ, ઉપરોકત ચર્ચા મુજબ રેકર્ડ પરના પુરાવા પરથી એ હકીકત નિર્વિવાદિત થાય છે કે, અકસ્માત થવાથી કોઇપણ વ્યકિતને ઇજા થયેલ નથી, માત્ર સદર વાહનને નુકશાન થયેલ છે. તેમજ બનાવ સ્થળ પર ચાર રસ્તા આવેલ હોય તથા બનાવ સ્થળ પર કોઈ સર્કલ કે બ્રીજ આવેલ ન હોય જે સંજોગોમાં અકસ્માત થયેલ છે. જેથી માત્ર એરર ઓફ જજમેન્ટના આધારે ક્રિમીનલ બેદરકારીભર્યું ડ્રાઇવીંગ બાબતે પુરાવાના આધારે આરોપીને સદર ગુનામાં દોષિત ઠરાવી શકાય નહિ.

18. આમ, આ કામે આરોપી સામે મુકવામાં આવેલા આક્ષેપો ફરીયાદપક્ષ નિ:શંકપણે પુરવાર કરી શકેલ નથી, જેથી ઉપરોક્ત કાયદાકીય જોગવાઈઓને અને ઉપરોક્ત નામદાર સર્વોચ્ચ અદાલતના પ્રસ્થાપિત સિદ્ધાંતને ધ્યાને લઇ રજૂ થયેલ પુરાવાઓનું મૂલ્યાંકન કરવામાં આવે તો ફરિયાદપક્ષે રજૂ થયેલ સાહેદોની જુબાની પરથી સદર અકસ્માત આરોપીની બેદરકારી દ્વારા થયેલ હોવાનુ પુરવાર થયું નથી. આમ ફરિયાદપક્ષે આરોપીઓ સામે બી.એન.એસ.ની કલમ-281, 106(1) તથા એમ.વી. એકટની કલમ-177, 184 મુજબ મુજબનો ગુનો સચોટ રીતે પુરવાર કરવામાં સફળ નીવડેલ નથી.

19. **જેથી, મુદ્દા નં. 1 નો જવાબ "નકારમાં" આપી, મુદ્દા નં. 2 મુજબ નીચે મુજબનો આખરી હુકમ કરવામાં આવે છે.**

**// આ ખ રી હુ ક મ //**

1. આ કામના આરોપી બીપીનભાઇ ઉર્ફે વીકી છોટેલાલ દહાયક નાઓને ક્રિ.પ્રો.કો.ની કલમ–૨૪૮(૧) અન્વયે બી.એન.એસ.ની કલમ-281, 106(1) તથા એમ.વી. એકટની કલમ-177, 184 મુજબના આક્ષેપિત ગુનામાંથી શંકાનો લાભ આપી **નિર્દોષ ઠરાવી** છોડી મુકવાનો આદેશ આપવામાં આવે છે.

2. આ કામના આરોપીને સી.આર.પી.સી.ની કલમ ૪૩૭એ મુજબ અપીલ સમય સુધીના રૂ. 10,000/- (અંકે રૂપિયા દસ હજાર પૂરા)ના પ્રત્યેક આરોપી દીઠ જામીન તથા તેટલી જ રકમના જાત મુચરકા રજૂ કરવાનો હુકમ કરવામાં આવે છે.

હુકમ આજરોજ તા. 25મી માહે માર્ચ, સને 2026 ના રોજ ખુલ્લી અદાલતમાં વાંચી, સંભળાવી જાહેર કર્યો.

તારીખ: 25/03/2026

સ્થળ: કઠોર

**(સ્વપ્નિલ કે. ફટાણીયા)**

**જ્યુડી. મેજી.ફ.ક., કઠોર**

**Judge Code - GJ01769**

ગુજરાતી સ્ટેનોગ્રાફર,

કે.જી.વેકરીયા